# રોઝ સાથે અથડાતા ઘવાયેલા કોલવડાના વૃદ્ધનું મૃત્યુ

**ચાર દિવસ અગાઉ ગાંધીનગર-કોલવડા રોડ પર એક્ટીવાથી અકસ્માત થયો હતો : સારવાર દરમ્યાન મૃત્યુ**

ગાંધીનગર, તા. ૩૦

કોલવડા ગામના ૭૦ વર્ષીય વૃદ્ધ કોલવડા-ગાંધીનગર રોડ પર ચાર દિવસ અગાઉ સાંજે ૮ વાગ્યે એક્ટીવા લઈને જઈ રહ્યા હતા તે દરમ્યાન અંધારામાં રસ્તા વચ્ચે ઉભુ થઈ ગયેલું રોઝ ન દેખાતા એક્ટીવા રોઝમાં ઘુસી ગયું હતું. ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધ ચાર દિવસથી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. દરમ્યાન આજે સવારે સવા નવ વાગ્યાના અરસામાં સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું છે. પેથાપુર પોલીસે આ સંબંધે ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી તપાસ આરંભી છે.

કોલવડા ગામના જુના માઢ વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય કાનજીભાઈ માવજીભાઈ ધોબી ૨૯મી એપ્રીલે સાંજે ૮ વાગ્યાના અરસામાં કોલવડા-ગાંધીનગર રોડ પર એક્ટીવા નં. જીજે-૧૮-એ.જી.-૨૧ લઈને નીકળ્યા હતા. અંધારામાં રસ્તા વચ્ચે આવી ગયેલું રોઝ ધ્યાને ન આવતા રોઝ સાથે એક્ટીવા અથડાઈ ગયું હતું. આ અકસ્માતમાં કાનજીભાઈને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ચાર દિવસથી જીવન-મૃત્યુ વચ્ચે ઝોલા ખાઈ રહેલા ઈજાગ્રસ્ત વૃદ્ધનું આજે સવારે સવા નવ વાગ્યાના અરસામાં પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. પેથાપુર પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

# માહિતી અને પ્રસારણ વિભાગના નાયબ સેકશન અધિકારી પ્રજાપતિને નિવૃત્ત વિદાયમાન

ગાંધીનગર, તા.૩૦

રાજયના માહિતી અને પ્રસારણ વિભાગના નાયબ સેકશન અધિકારી શ્રી સી.બી. પ્રજાપતિ વયનિવૃત્ત થતાં તેમને વિભાગ દ્વારા નિવૃત્તિ વિદાયમાન આપવામાં આવ્યું હતું.

માહિતી અને પ્રસારણ વિભાગના નાયબ સેકશન અધિકારી શ્રી સી.બી. પ્રજાપતિની ૩૪ વર્ષ સુધીની દીર્ઘકાલીન સેવાઓને બિરદાવીને વિભાગે તેમને ભાવસભર વિદાય આપી હતી.

૩૦ એપ્રિલ ૨૦૧૩ના રોજ નિવૃત્ત થતા શ્રી પ્રજાપતિની કાર્યનિષ્ઠા અને દીર્ઘકાલિન સેવાને નાયબ સચિવ શ્રી કે.એલ. પટેલ તેમજ ઉપસચિવ શ્રી ડી.એમ. ઠાકરે બિરદાવી હતી. આ પ્રસંગે માહિતી અને પ્રસારણ વિભાગના તમામ અધિકારી/કર્મચારીઓએ હાજર રહીને નિવૃત્ત થતાં શ્રી પ્રજાપતિને શુભેચ્છા પાઠવી તેમનું નિવૃત્ત જીવન સુખમય અને નિરામય પસાર થાય તેવી શુભકામના વ્યકત કરી હતી. નિવૃત્ત થતાં શ્રી પ્રજાપતિએ સૌ અધિકારી/કર્મચારીઓનો આભાર વ્યકત કર્યો હતો.

# સેકટર-૧૨/બીના રહીશો ગટરની સમસ્યાથી તોબા પોકારી ગયા છે

**મુખ્ય ગટરલાઈનની સફાઈ ન થતા ઘરઆંગણે દૂષિત પાણીનો ભરાવો**

ગાંધીનગર, તા. ૩૦

સે. ૧૨-બીમાં મુખ્ય ગટરલાઈનની સફાઈ ન થતા સ્થાનિક રહીશોના ઘરઆંગણે દૂષિત પાણીનો ભરાવો થાય છે. ગટરલાઈનનું દૂષિત પાણી બેક થતા અસહ્ય દુર્ગંધ વચ્ચે સ્થાનિક રહીશો ગુંગળામણ અનુભવી રહ્યા છે. છેલ્લા ત્રણ મહીનાની રજૂઆત બાદ પણ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલા લેવાતા નથી.

શહેરના સેક્ટરોમાં ગટરની સમસ્યાના લીધે આમ નાગરિકો તોબા પોકારી ગયા છે. જ્યારે સે. ૧૨-બી ના એક જાગૃત નાગરિક દ્વારા આ મામલે અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા ન હોવાનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે.

સે. ૧૨-બીમાં પ્લોટ નં. ૪૦૪/૧માં રહેતા લાલભાઈ પટેલે આ અંગે પાટનગર યોજના વિભાગના અધિક્ષક ઈજનેરને રજૂઆતમાં જણાવ્યા અનુસાર સે. ૧૨-બી ની મુખ્ય ગટરલાઈન વારંવાર ચોકઅપ થઈ જતા ગટરલાઈનનું દૂષિત પાણી ઉભરાય છે. સ્થાનિક રહીશોના ઘરોમાં પણ અસહ્ય દુર્ગંધના લીધે આ વિસ્તારમાં રોગચાળાની દહેશત પ્રવર્તી છે. જ્યારે તંત્રના માણસો પણ જાણે હાજરી પૂરાવા જ આવતા હોય તેમ પ્રશ્નને મૂળમાંથી હલ કર્યા વગર અદશ્ય થઈ જાય છે છેલ્લા ત્રણ મહીનાથી આ સમસ્યા નિવારવા સ્થાનિક નગર સેવિકા પીન્કીબેન પટેલે પણ કાર્યપાલક ઈજનેરને પત્ર લખી રજૂઆત કરી છે. આમ છતા ગટરલાઈનની સફાઈ માટે નક્કર કામગીરી થતી નથી. આ દયનીય સ્થિતિ વચ્ચે સેક્ટરના સ્થાનિક રહીશોમાં પણ પ્રબળ રોષ પ્રવર્ત્યો છે. ત્વરિત પગલા લેવા માંગ કરવામાં આવી છે.

# ઈન્દ્રોડામાં ક્ષારયુક્ત પાણી ચુલે ચઢતી ખીચડીનો રંગ પણ લાલચટાક !

**ત્રીસ વર્ષ જૂનો પાણીનો બોર : ઉંચાણવાળા વિસ્તારમાં પાણીની પોકાર : રજૂઆતના અંતે પણ નવો બોર બનતો નથી**

ગાંધીનગર, તા. ૩૦

ઈન્દ્રોડામાં ત્રણ દાયકા જૂના બોરના લીધે પાણીની ગુણવત્તા સામે ગ્રામજનોમાં પ્રશ્ન મંડરાયો છે. અતિશય ક્ષારવાળા પામીના લીધે ગ્રામજનોમાં પથરી સહીત પેટના દુખાવાની તકલીફો વધી છે. ક્ષારયુક્ત પાણીના લીધે ચુલા પર ચઢતી ખચીડી પણ લાલ રંગની થાય છે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા ગામમાં પાણી-ગટરની પાયાની સુવિધાઓ પુરી પાડવા દાયકાઓના અંતે પણ કોઈ નોંધપાત્ર કામગીરી થઈ શકી નથી.સ્થાનિક ગ્રામજનો દ્વારા છેલ્લા એક દાયકાથી પાણીની સમસ્યા નિવારવા સરકારી દફતરે દસ્તક દેવામાં આવી રહી છે. અગાઉના વર્ષોમાં સ્થાનિક ધારાસભ્યો અને મંત્રીકક્ષાએથી પણ વર્ષો જૂના બોરનું પાણી પીવાલાયક ન હોવાથી નવો બોર બનાવવા સુચવાયું હતું. ત્રીસ વર્ષ જૂના પાણીના બોરના લીધે સ્થાનિક રહીશોનું આરોગ્ય જોખમાયું છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ ગુણવત્તા વગરના પાણીના લીધે પથરી સહીત પેટમા દુખાવાની તકલીફો વધી છે. ૭ હજારથી વધુ વસતી ધરાવતા ગામમાં ઉંચાણવાળા વિસ્તારમાં સ્થિત રાવળ, રબારી અને ઠાકોરવાસ સહિતના વિસ્તારમાં રોજબરોજ પાણીની પોકાર પડે છે. અતિશય ફલોરાઈડવાળા પાણીના લીધે ગામના ચૂલે ચઢતી ખીચડી પણ લાલરંગ પકડે છે. સ્થાનિક કોર્પોરેટર શૈલેન્દ્રસિંહ બિહોલા તેમજ હસમુખ મકવાણાએ નવો બોર બનાવવા માંગણી કરી છે. નવા બોર આધારિત એ ભાગમાં પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. ઈન્દ્રોડામાં ગુણવત્તાયુક્ત અને પર્યાપ્ત પાણી સપ્લાય કરવાની વ્યવસ્થા ગોઠવવા છેલ્લા ૧૦ વર્ષથી તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી.

# દહેગામ તાલુકા ભાજપના હોદ્દેદારો નિમાયા

દહેગામ, તા. ૩૦

દહેગામ શહેર ખાતે ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર જિલ્લા પ્રમુખ દ્વારા દહેગામ તાલુકા ભાજપના છ ઉપપ્રમુખ, છ મંત્રી તથા એક કોષાધ્યક્ષની નિમણુંક કરવામાં આવી છે. જેમાં ઉપપ્રમુખ તરીકે કાળુસિંહ સોમસિંહ સોલંકી, બાબુલાલ મંગળદાસ ઠાકર, રમણભાઈ ગોપાળભાઈ પટેલ, દિપકભાઈ જે. શાહ, રામાભાઈ લલ્લુભાઈ પટેલ તથા તારાબેન મનુજી સોલંકીની નિમણુંક કરેલ છે. મંત્રી તરીકે કૈલાસબેન મોહબતસિંહ ચૌહાણ, દાદુસિંહ ચૌહાણ, કૈલાસબેન રજુજી ઠાકોર, રમેશભાઈ સોમાભાઈ પટેલ, કપીલાબેન રણજીતસિંહ ઝાલા તથા નરેશભાઈ ડાહ્યાભાઈ મેસરીયાની નિમણુંક કરેલ છે. જ્યારે કોષાધ્યક્ષ તરીકે બંકીમભાઈ ભાણજીભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી છે. તેવું તાલુકા ભાજપ પ્રમુખશ્રી ચંદ્રેશભાઈ એ. પટેલે જણાવેલ છે.

# ગુજરાત રાજયના સ્થાપના દિને રાજયના નાગરિકોને શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજય સ્થાપના દિને રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ રાજયના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજયપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે, ગુજરાતની પ્રજાની અનેક વિશેષતાઓ રહી છે. તેઓ તેમના સરળ સ્વભાવ, શાંતિ પ્રિયતા તથા વ્યવસાયિક કુશળતા માટે વિશ્વભરમાં જાણીતા છે. ડૉ. શ્રીમતી કમલાજીએ કહ્યું હતું કે, ગુજરાત હંમેશાથી રાષ્ટ્રના પ્રગતિશીલ રાજયોમાં અગ્રીમ પંકિતમાં રહ્યું છે અને વિકાસના વિવિધ ક્ષેત્રોમાં તેનું મહત્વનું યોગદાન આપી રહ્યું છે. રાજયપાલશ્રીએ કહ્યું હતું કે, મને વિશ્વાસ છે કે રાષ્ટ્ર અને રાજયના સર્વાંગી વિકાસના સ્વપ્નાં સાકાર કરવામાં આપણે સૌ સાચી લગન અને શ્રદ્ધા સાથે સમર્પિત થઈશું. તો દેશ અને રાજય સશકત અને સમૃદ્ધ બનશે. ગુજરાતની વિકાસ યાત્રા નિરંતર જારી રહે અને રાજય સિદ્ધિઓની નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરે, તેવી તેમણે કામના વ્યકત કરી છે.

## આજે ગ્રાહક હિત સુરક્ષા સમિતિ દ્વારા લોક દરબાર યોજાશે

ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ દ્વારા આજે ૧લી મે ૧૩ના રોજ સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ દરમિયાન વિશ્રામગૃહ, સેકટર-૨૧, ગાંધીનગર ખાતે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રાહક હિત સુરક્ષા સમિતિ દ્વારા આજે યોજાનાર લોક દરબારમાં ગાંધીનગર શહેર જિલ્લાના તમામ નાગરિક ભાઈ બહેનોને પોતાના પ્રશ્નોને લેખિક તથા મૌખિક રજૂ કરવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે જ્યોતિ મહિલા મંડળ દ્વારા કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન

જ્યોતિ મહિલા મંડળ અને ગાંધીનગર સરકારી સિવિલ હોસ્પિટલ સે. ૧૨ના સંયુક્ત ઉપક્રમે ૧લી મે-૨૦૧૩ના રોજ બપોર ૩ કલાકે સેક્ટર-૧૨ સિવિલ હોસ્પિટલ ખાતે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તો સૌ નગરજનોને ઉપસ્થિત રહેવા સેક્રેટરી કુ. ચેતના બૂચે હાર્દિક અપીલ કરી છે.

# સેક્ટર-૬ના રહીશોમાં ગંદકી બાબતે વ્યાપેલો જન આક્રોશ : આવતીકાલે અગત્યની બેઠક

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૬ના રહીશોમાં છેલ્લા ઘણા સમયથી ગંદકી બાબતે અને ખાસ તો શ્રમજીવીઓ દ્વારા જાહેરમાં થતી શૌચક્રિયાઓ બાબતે આક્રોશ ભભૂકી ઊઠ્યો છે. આ સંદર્ભે આવતીકાલે તા. ૨ મે-૨૦૧૩ને ગુરૂવારે રાત્રે ૯ કલાકે ચંદ્રમૌલેશ્વર, સેક્ટર-૬-બી, ગાંધીનગર ખાતે એક તત્કાલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર સેક્ટર-૬ના વસાહતીઓ ઘણાં સમયથી ખુલ્લામાં પડી રહેતા શ્રમજીવીઓ અને તેમનાં દ્વારા ખુલ્લામાં શૌચક્રિયા રોજીંદી ક્રિયા અસહ્ય ગંદકી, રોગચાળો, ગુંડાગીર્દી, દેહવ્યાપાર જેવા દૂષણોથી પરેશાન થઈ રહ્યા છે. અનેકો વખત લેખીતમાં તેમજ રૂબરૂ રજૂઆતો કરવા છતાં, સ્થાનિક નેતાઓ, અધિકારીઓ, સત્તાધીશોનાં પેટનું પાણી પણ હાલતું નથી. તેઓની નિષ્ફળતાને બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરો સાથેની આંતરીક સાંઠ-ગાંઠ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આટલું અપુરતું હતું તેમાં સેક્ટર-૬નો ખુલ્લી જગ્યાઓને 'રેન બસેરા' તરીકે જાહેર કરવાનાં મુદ્દે સ્થાનિક વસાહતીઓનો જન આક્રોશ ભભૂકી ઉઠ્યો છે.

સત્તાધીશો, અધિકારીઓ વચનો અને વાયદાઓ કરી ફરી ગયા છે. હવે તેઓ પર વધુ વિશ્વાસ રાખવો નિરર્થક છે. આ સંદર્ભે હવે તો સેક્ટર-૬ના વસાહતીઓ જાતે જ લડી લેવાનાં મુડમાં આવી ગયા છે.

આ સંદર્ભે તા. ૨ મે-૨૦૧૩ને ગુરૂવાર રાત્રે ૯.૦૦ કલાકે ચંદ્રમૌલેશ્વર સેક્ટર-૬-બી ખાતે એત તત્કાલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સેક્ટરનાં તેમજ શહેરની વિવિધ સેવાકીય સંસ્થાનાં અગ્રણીઓને હાજર રહેવા પ્રમુખ કિશનભાઈ બ્રહ્મભટ્ટ તથા સંઘર્ષ સમિતિ સે. ૬ દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

# દહેગામ શહેર ભાજપના હોદ્દેદારો નિમાયા

દહેગામ, તા.૩૦

દહેગામ ભારતીય જનતા પાર્ટીના ગાંધીનગર જિલ્લા પ્રમુખ દ્વારા દહેગામ શહેર મંડળના છ ઉપપ્રમુખ તથા છ મંત્રી તથા એક કોષાધ્યક્ષની નિમણુંક આજરોજ કરવામાં આવી છે. જાહેર થયેલા હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે દિનેશભાઈ ગોરધનભાઈ પટેલ, વિજયસિંહ આર. રાઠોડ, મહેશસિંહ સરદારસિંહ પરમાર તથા મિથિલેષભાઈ આર. ભાવસારની નિમણુંક કરવામાં આવી છે તથા મંત્રી તરીકે મનોજભાઈ એ. અમીન, ગીતાબહેન વનરાજસિંહ સોલંકી, ધનલક્ષ્મીબહેન રવિભાઈ પટેલ, રમેશભાઈ મથુરભાઈ ચાવડા, જયોત્સનાબહેન હસમુખભાઈ આચાર્ય તથા દિપિકાબહેન વિનોદભાઈ ડોડીયાની નિમણુંક કરવામાં આવી છે. જયારે પંકજભાઈ ભીખુભાઈ ત્રિવેદીની કોષાધ્યક્ષ તરીકે નિમણુંક કરવામાં આવતા શહેરમાં હોદ્દેદારોને શુભેચ્છા પાઠવવાનો દોર ચાલ્યો છે.

# દહેગામ સીટી સર્વેયર પર એ.સી.બી.ની ફિલ્મીઢબે ટ્રેપ

**દહેગામ અમદાવાદ રોડ પર અતિથિ હોટલ સામે ગાડીમાં રૂ. ૧૦ હજારની લાંચ લેતા હતા : એસીબીની ટીમ જોઈને સીટી સર્વેયરે કાર ભગાવી મુકી : ચાલુ કારને બે બાજુથી કોર્ડન કરીને દબાવી દેવાઈ અને પકડી પાડ્યો : કારમાંથી ગુપ્તી મળી**

ગાંધીનગર, તા. ૩૦



ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે ફરજ બજાવતા સીટી સર્વેયરે પ્રોપર્ટી કાર્ડ કાઢી આપવા માટે રૂ. ૧૦ હજારની લાંચ માંગી હોવાની ફરીયાદને આધારે અમદાવાદ એ.સી.બી.ની ટીમે આજે ટ્રેપ ગોઠવી હતી. કારમાં ભાગતા ચોરને પકડવા પોલીસ તે કારને કોર્ડન કરીને બે બાજુથી કાર દબાવી દઈ પકડી પાડે તેવા દ્રશ્યો ફિલ્મોમાં જોયા હશે. આવા જ ફિલ્મી દ્રશ્યો એ.સી.બી. ટ્રેપ દરમ્યાન દહેગામ અમદાવાદ રોડ પર સર્જાયા હતા. એસીબીની ટીમે ટ્રેપ ગોઠવીને ગાડીમાં રૂ. ૧૦ હજારની લાંચ લેતા સીટી સર્વેયરને ફિલ્મી ઢબે રેડ હેન્ડેડ પકડી લઈ તેના વિરૂદ્ધમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ દહેગામ વિસ્તારમાં રહેતા ચંદ્રકાન્તભાઈ નરેશભાઈ પટેલને પ્રોપર્ટી કાર્ડ કઢાવવાનું હોવાથી દહેગામ સીટી સર્વેયર એમ.જી. મનસુરી પાસે ગયા હતા. થોડા ધક્કા ખવડાવ્યા બાદ મનસુરીએ પ્રોપર્ટી કાર્ડ કાઢી આપવા માટે રૂ. ૧૦ હજારની લાંચની માંગણી કરી હતી. ચંદ્રકાન્તભાઈએ અમદાવાદ એ.સી.બી.ને આ લાંચીયા અધિકારી વિરૂદ્ધ ફરીયાદ આપતા આજે અમદાવાદ એસીબી પી.આઈ. કામડીયાએ તેમની ટીમ સાથે ટ્રેપ ગોઠવીને સીટી સર્વેયરને સકંજામાં લઈ લીધો છે.

આજે દહેગામ-અમદાવાદ હાઈવે પર આવેલી અતિથિ હોટલની સામેના વિસ્તારમાં ચાલુ ગાડીએ લાંચના રૂપિયાની લેવડ-દેવડ કરાઈ રહી હતી. દરમ્યાન એસીબીની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી ટીમને જોઈને મનસુરીએ ગાડીને અંદરથી લોક કરી દઈને ગાડી હાઈવે પર રમરમાવી મુકી હતી. એસીબીની ટીમે ફિલ્મી ઢબે તેની ગાડીનો પીછો કર્યો હતો અને ભાગતી ગાડીની આજુબાજુ બન્ને સાઈડ કોર્ડન કરીને દબાવી મુકી હતી. જેનાથી ગાડીમાં ગોબા પણ પડી ગયા છે. મનસુરીને ગાડીમાંથી બહાર કાઢી રૂ. ૧૦ હજારની લાંચ લેવાના કેસમાં એસીબીએ ધરપકડ કરી લીધી છે અને તેની મિલ્કતોની વિગતો સહિત તપાસ શરૂ કરવામાં આવી છે.

## મનસુરીની કારમાંથી ગુપ્તી મળી આવી...!



રૂ. ૧૦ હજારની લાંચ લેવામાં ઝડપાઈ ગયેલા એમ.જી. મનસુરી (સીટી સર્વેયર) એસીબીને જોઈને કાર લઈને ભાગ્યો હતો. તેને ફિલ્મી ઢબે ઝડપી લઈને તપાસણી કરતા ગાડીમાંથી એક ગુપ્તી પણ મળી આવી હતી. આ વ્યક્તિએ ગુપ્તી રાખવાની જરૂર કેમ પડી હતી તે સહીતની તપાસ પણ ચાલી રહી છે.

## મનસુરી પકડાતા વેપારીઓની તન્નાવાળી : બજારમાં ફટાકડા ફોડ્યા

ગાંધીનગર કલેક્ટર કચેરીમાંથી નાયબ મામલતદાર તન્ના લાંચ લેતા ઝડપાયો ત્યારે જે રીતે વકીલોએ તથા તન્નાનો ભોગ બની ચુકેલા અન્ય અરજદારોએ કચેરીની બહાર ફટાકડાઓ ફોડ્યા હતા તે જ રીતે દહેગામના બજારમાં પણ આજે ફટાકડા ફુટ્યા હતા. સીટી સર્વેયર મનસુરીથી ત્રાસી ગયેલા વેપારીઓએ એસીબીના સકંજામાં સીટી સર્વેયર આવ્યો હોવાના સમાચાર સાંભળતા જ તન્નાવાળી કરી હતી અને બજારમાં ફટાકડા ફોડીને એસીબીને ટ્રેપને વધાવી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪
સૂર્યાસ્ત : ૬.૫૭

## તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૦ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :

આઈરોન મેન (૩ડી)(હિન્દી) : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

: સ્કીન-૨ :

આઈરોન મેન ૩ (૨ડી) (હિન્દી) : ૯.૧૫, ૧૨.૦૦, ૫.૧૫, ૧૦.૩૦

એક થી ડાયન : ૨.૪૫, ૮.૦૦

: સ્કીન-૩ :

આશીકી-૨ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫

: સ્કીન-૪ :

આશીકી-૨ : ૯.૦૦, ૧૧.૪૫, ૭.૪૫

નૌટંકી સાલા : ૨.૩૦

ચશ્મે બદ્દૂર : ૫.૦૦

### સૂર્યા, વાવોલ

આશીકી-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

રંગીલા (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

આશીકી-૨: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :

આઈરોન મેન-૩ : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

: સ્કીન-૩ :

એક થી ડાયન : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦, ૯.૦૦

### ચિરાગ, કલોલ

મેં તો ઓઢી ચુંદડી તારા નામની : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- શિવ મહાપુરાણ કથાનો ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર સેકટર-૨/બી, ગાંધીનગર ખાતે બપોરે ૧.૩૦ કલાકે. કથા પૂર્વે પોથી યાત્રા રેખાબેન સુથાર પરિવારના નિવાસ સ્થાન પ્લોટ નં. ૩૨૩/૨, સેકટર-૨/બી, માંથી બપોરે ૧૨.૦૦ કલાકે મંગલ પ્રસ્થાન કરશે.

## આપની આજ

**મેષ** : આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

**વૃષભ** : કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે. અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**મિથુન** : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ - સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : નવા કાર્યો વિચાર, યોજના મોકૂફ રાખવી. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

**કન્યા** : આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

**તુલા** : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**ધન** : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. મંગળભાઈ સોમદાસ સથવારા (ઉ.વ. ૬૪) મુ.પો. આમજા, તા.કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. ભરતભાઈ નટવરલાલ શાહ (ઉ.વ. ૫૬) પ્લોટ નં. ૧૨૯૯/૨, સેકટર-૫/એ, ગાંધીનગર.
- સ્વ. વિક્રમસિંહ રઘુજી બિહોલા (ઉ.વ. ૩૬) મુ.પો.પાલજ, નવા ગામ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. યોગેન્દ્ર પ્રસાદ (ઉ.વ. ૫૩) એમ-૫૦૨, શુકન-આઈ, એપાર્ટમેન્ટ, કુડાસણ, ગાંધીનગર.
- સ્વ. કપ્તાનસિંહ કૂપસિંહ ઠાકોર (ઉ.વ. ૫૦)બ્લોક નં. ૧૧૮/૧, છ ટાઈપ, સેકટર-૨૮, ગાંધીનગર.